ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૭૬/૨૨-૨૩/ e-105684 તારીખ: 16.03.23

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી જોગરાણા ગોવિંદભાઈ રત્નાભાઈ,**
**બસ સ્ટેન્ડ પાસે,**
**મું.ઓથા,**
**તા.મહુવા**
**જી.ભાવનગર.**

કેસ નં.૭૬/૨૨-૨૩

**મો.નં- ૦૨૭૮ ૨૫૭૫૦૦**

**વિષય : મકાન પરથી પસાર તાર વાળા પોલની જગ્યા બદલવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૧૦/૧૨/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૪/૧૨/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૬/૨૨-૨૩/૪૦૬૨ તા.૧૯/૧૨/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૬/૨૨-૨૩/૧૮૦ તા.૧૨/૦૧/૨૦૨૩.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૬/૨૨-૨૩/૪૧૩ તા.૩૧/૦૧/૨૦૨૩.
(૫) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૬/૨૨-૨૩/૦૨ તા.૨૨/૦૨/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૭/૦૨/૨૦૨૩ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

***.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.***

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી-૨, **મહુવા.**

P.G.V.C.L. Bhavnagar

**ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૭૬/૨૨–૨૩** ☜

વાદી :– **શ્રી જોગરાણા ગોવિંદભાઈ રત્નાભાઈ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૨૭/૦૨/૨૦૨૩** ◈

હાજર રહયા :– **(વાદી હાજર રહયા નથી)**

પ્રતિવાદી :– **શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી જોગરાણા ગોવિંદભાઈ રત્નાભાઈ, મું.ઓથા, તા.મહુવા, જી.ભાવનગરની મકાન પરથી પસાર તાર વાળા પોલની જગ્યા બદલવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૭૬/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૬/૨૨–૨૩/૪૦૬૨ તા.૧૯/૧૨/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૪/૦૧/૨૦૨૩, તા.૧૪/૦૨/૨૦૨૩ તથા તા.૨૭/૦૨/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી જોગરાણા ગોવિંદભાઈ રત્નાભાઈ હાજર રહેલ નહી તથા પ્રતિવાદી તરફે શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અરજદારની ભાવનગર જીલ્લાના મહુવા તાલુકાના ઓથા ગામે બસ સ્ટેન્ડ પાસે મકાન આવેલ છે. અરજદારની લાગુ પડતી વિજ કચેરી મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૨ છે.

૧.૨ અરજદારને પાકુ મકાન બનાવવાનું હોવાથી બાંધકામ કરવામાં ઈલેક્ટ્રીકના તાર મકાન ઉપરથી કોર્નર ઉપર ક્રોસમાંથી પસાર થયેલ તે હટાવવા કોર્નરમાં એક પોલ લગાડી તાર દૂર કરવા મહુવા રૂરલ–૨ માં તા.૦૮/૦૩/૨૦૨૧ ના રોજ લેખિત અરજી આપેલ.

૧.૩ મારૂં બાંધકામ આજદિન સુધી થયેલ નથી. અવાર નવાર અનેક વખત ૨૦ થી ૨૫ વખત ગયેલ છતાં ઉદ્ધત જવાબ આપી રવાના કરી દેવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૧.૪ હાલ ૨૧ મહિના કરતા વધારે સમય થયેલ છે. મારા મકાનનું બાંધકામ અટકાવેલ છે. ટૂંક સમયમાં ઉપલી કચેરી અને સરકારશ્રીને જાણ કરીશ. આવા બેદરકારની જીલ્લા ફેરબદલી કરો. તારની જગ્યા બદલવા હુકમ કરવા વિનંતી છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ સવિનય સાથ આપ સાહેબશ્રીને જણાવવાનું કે, અત્રેની મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૨ કચેરીએ સદર અરજદાર શ્રી જોગરાણા ગોવિંદભાઈ રત્નાભાઈ, ગામ–ઓથા, દ્વારા મકાન ઉપરથી ઈલેકટ્રીકના તાર પસાર થયેલ તે પોલની જગ્યા બદલવા બાબતની અરજી ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં તેમજ મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૨ કચેરીએ કરેલ.

૨.૨ સદર અરજદાર દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ કરેલ અરજીના અનુસંધાને સદર અરજદારના સ્થળ પર સર્વેક્ષણ કરેલ અને અરજદારને સદર વિજ લાઈન ફેરવવા માટેનું આઉટવર્ડ નં–૪૬૭૭ તા.૩૦/૧૨/૨૦૨૨ થી આપવામાં આવેલ અને અરજદારને અંદાજપત્ર રૂબરૂ બોલાવી આપતા અરજદાર દ્વારા સ્વીકારવાની ના પાડેલ છે અને અરજદાર દ્વારા અંદાજપત્ર ભરપાઈ કરવાનો સ્પષ્ટ ઈન્કાર કરેલ છે. ત્યારબાદ, અરજદારને સદર અંદાજપત્ર આરપીએડી થી મોકલી આપેલ છે અને અરજદાર દ્વારા સદર અંદાજ પત્ર ભરપાઈ કર્યા બાદ કંપની ના નિયમ મુજબ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદારશ્રી જોગરાણા ગોવિંદભાઈ રત્નાભાઈ, ગામ–ઓથા, તા.મહુવા દ્વારા તેમના મકાન પરથી પસાર થતા તાર વાળા પોલ બદલવા બાબતની તકરાર પ્રતિવાદી પીજીવીસીએલ સાથે ઉપસ્થિત થતા ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ વાદીની અરજી અંગે રૂબરૂ સુનાવણી હાથ ધરવા ફોરમ દ્વારા તા.૨૪/૦૧/૨૦૨૩, તા.૧૪/૦૨/૨૦૨૩ તથા તા.૨૭/૦૨/૨૦૨૩ થી વાદીને રજી.પોસ્ટ અને ટેલીફોન થી જાણ કરવામાં આવેલ. પરંતુ, વાદી હાજર રહેલ નથી કે મુદત માંગેલ નથી. પ્રતિવાદી તરફે શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ત્રણેય મુદતમાં હાજર રહેલ છે તેમજ જવાબ રજૂ કરેલ છે.

૩.૩ પ્રતિવાદીના જણાવ્યા અનુસાર, વાદીએ કરેલ ફરીયાદ બાબતની વિજ લાઈનના પોલની જગ્યા ફેરવવા બાબતે વાદીને પત્ર નં–૪૬૭૭ તા.૩૦/૧૨/૨૦૨૨ થી અંદાજપત્ર પાઠવવામાં આવેલ છે. જે હજુ સુધી વાદીએ ભરપાઈ કરેલ ન હોઈ, તથા ભરવા માંગતા ન હોઈ, પ્રતિવાદીએ પોલની જગ્યા ફેરવવા અંગેની કોઈ કાર્યવાહી કરેલ નથી. જે નિયમોનુસારની કાર્યવાહી છે.

૩.૪ વાદીએ આપેલ અંદાજપત્ર ભરેલ નથી તથા એકપણ સુનાવણી માં હાજર રહેલ ન હોઈ, તેમજ પ્રતિવાદી દ્વારા કરેલ કાર્યવાહી યોગ્ય હોઈ, વાદીની અરજી એકપક્ષીય નિર્ણય લઈ નિકાલ કરવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

**—:: હુકમ ::—**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કંમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણબાગ, રાજકોટ—૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| | (ગેરહાજર) | |
| **(શ્રીમતી જે.એમ.મહેતા)** | **(એન.આઈ.ઉપાધ્યાય)** | **(એન.સી.મકવાણા)** |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ** |
| | | **પ.ગુ.વિ.કાં.લી.:ભાવનગર.** |

તારીખ :— **૨૭/૦૨/૨૦૨૩.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar